# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ.રામપુરા, પો.ચકલાસી, તા.નડીયાદ, જીલ્લો ખેડા ખાતે ભીંડા પાકનો એક દિવસીય ફીલ્ડ ડે કાર્યક્રમ યોજાયો

શાકભાજી પાકોની સંશોધનની કામગીરી માટે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર કાર્યરત છે. જેમાં ભીંડા, રીંગણ, ટામેટા, મરચા, કઠોળ, વેલાવાળા તથા પાંદડાવાળા શાકભાજી પાકો પર સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. જે સંશોધન પૈકી આ કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ જુદા જુદા શાકભાજી પાકોની સુધારેલી તેમજ સંકર જાતોનો વ્યાપ ખેડૂતોમાં દિન પ્રતિદિન વધતો ગયો છે. નડીયાદ તાલુકાનું ચકલાસી ગામ શાકભાજી પાકનો વધુ વાવેતર ધરાવતો વિસ્તાર છે. વધુમાં ચકલાસી મુકામે ભીંડા એ શાકભાજી પાકનો ચોમાસુ તેમજ ઉનાળું ઋતુમાં થતો એક અગત્યનો પાક છે. જે અંતર્ગત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ખાતેથી બહાર પાડવામાં આવેલ ભીંડાની સંકર જાત આણંદ ક્રાંતી ખેડૂતોમાં વધુ પ્રચલિત થાય તે હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતી શ્રી ડૉ. કે. બી. કથીરીયા તથા સંશોધન નિયામકશ્રી ડૉ. એમ. કે. ઝાલા ના માર્ગદર્શન હેઠળ તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ રામપુરા, પો.ચકલાસી, તા.નડીયાદ, જી. ખેડા ખાતે એક દિવસીય ફીલ્ડ ડે કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં કુલ ૭૫ ખેડૂતો હાજર રહેલ. સૌ પ્રથમ ડૉ.આર.આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા ઉપસ્થિત તમામ માહાનુભાવો તથા ખેડૂત મિત્રોનું સ્વાગત કરેલ તથા કેન્દ્ર ખાતે બહાર પાડવામાં આવેલ જુદા જુદા શાકભાજી પાકની સુધારેલ તેમજ સંકર જાતની વિસ્તૃત માહિતી આપેલ. સહ વિસ્તરણ નિયામકશ્રી ડૉ. શૈલેષ ડી. પટેલ દ્વારા આકૃયુ, આણંદ ખાતે યોજવામાં આવતી જુદી જુદી તાલીમો વિશે વિસ્તૃત માહિતી આપેલ. ડૉ. એસ. એન. શાહ, સહ સંશોધન નિયામકશ્રી દ્વારા આકૃયુ, આણંદ ખાતેથી બહાર પાડવામાં આવેલ જુદા જુદા પાકોની જાતો વિશે ખેડૂતોને માહિતગાર કરેલ. ડૉ. મિહિર એમ. પંડયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ભીંડા પાકની સંકર જાત આણંદ ક્રાંતીની લાક્ષણિકતાઓ વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન આપેલ. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. રાજેશકુમાર, પ્રાજેકટ કો-ઓર્ડીનેટરશ્રી, ભારતીય શાકભાજી અનુસંધાન સંસ્થાન, વારાણસી દ્વારા ખેડૂતોને રાષ્ટ્રીય કક્ષાએથી બહાર પાડવામાં આવેલ જુદા જુદા શાકભાજી પાકોની જાતો વિશે તથા આકૃયુ, આણંદ ખાતેથી બહાર પાડવામાં આવેલ ભીંડાની જાત આણંદ ક્રાંતીનું વાવતેર કરેલ ખેડૂતના ખેતર પર ઉપસ્થિત ખેડૂતો સાથે વાર્તાલાપ કરેલ. અંતમાં રામપુરા, ચકલાસી ગામ ખાતે ભીંડા પાકની આણંદ ક્રાંતીનું વાવેતર કરેલ ખેડૂત મિત્રોએ પોતાનો હકારાત્મક પ્રતિસાદ આપેલ. આ ફીલ્ડ ડે કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રી ડૉ. એન. એ. પટેલ, શ્રી કે. જે. વેકરીયા, ડૉ. ઉજવલ પટેલ તથા શાકભાજી કેન્દ્રનો સ્ટાફ હાજર રહેલ. અંતમાં ડૉ. વિપુલ કાપડીયા દ્વારા ઉપસ્થિત તમાત મહાનુભાવો, વૈજ્ઞાનિકશ્રીઓ, મીડીયા તથા ખેડૂતો મિત્રો નો આભાર માનેલ.


મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
દ્વારા આયોજીત
"ભીંડા પાકના એક દિવસીય ફિલ્ડ ડે"
તા. ૧૯/૦૬/૨૦૨૪
: સ્થળ :
ચકલાસી


મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
કૃષિ યુનિવર્સિટી, આણંદ
"ભીંડા પાકના એક દિવસીય ફિલ્ડ ડે"
૧૯/૦૬/૨૦૨૪
: સ્થળ :
રામપુરા




મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
દ્વારા આયોજીત
"ભીંડા પાકના એક દિવસીય ફિલ્ડ ડે"
તા. ૧૯/૦૬/૨૦૨૪
: સ્થળ :
રામપુરા, ચકલાસી